Extra No. 260

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] WEDNESDAY, SEPTEMBER 17, 2025 / BHADRA 26, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-મનપા-સુરેન્દ્રનગર-યુનિટ-૨-૨૦૨૫.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ (જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) ની કલમ- ૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા-કલમ (૨) હેઠળ, રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર, રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી યોજવાની થાય છે.

૨. રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ (સુધારા) એક્ટ ૨૦૦૯થી ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલા છે, આ સુધારા અન્વયે મહાનગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમજ રાજ્ય સરકારે મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી) બાબતના (સુધારા નિયમો, ૨૦૧૪)માં સુધારો કરી મહાનગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બિનઅનામત રાખવા જોગવાઈ કરવામાં આવેલ છે.

૩. ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (સને ૨૦૨૩નો ગુજરાતનો ૧૭મો) થી દરેક કોર્પોરેશનમાં સીધી ચૂંટણીથી ભરવાની બેઠકોની મૂળ સંખ્યાની સત્તાવીસ ટકા બેઠકો, પછાતવર્ગની વ્યક્તિઓ માટેની ઉપલબ્ધ અનામત, બેઠકોની કુલ સંખ્યાની એકંદરે અનામત પચાસ ટકા (અનામત) ને આધીન રહીને, અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલી છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

૪. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૫ની પેટા કલમ (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતાં કલમ (૩)ના ખંડ (iii)ના પેટા ખંડ (ક) તથા કલમ - ૫ ની પેટા કલમ (૪), (૫), (૬) અને (૭) સાથે વાંચતાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક KV-242 OF 2025/UDUHD/MSM/e-file/18/2025/0418/P તા. 09/07/2025 (જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) થી સુરેન્દ્રનગર મહાનગરપાલિકા (જેનો હવે પછી મહાનગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) તેના સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા આધારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સિલરોની કુલ બેઠકો ૫૨ નકકી કરેલ છે. તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ (આ વર્ગોની સ્ત્રીઓ માટેની અનામત બેઠકો સહિત) તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૫. રાજ્ય સરકારે અધિનિયમની કલમ ૪૫૬(૧) તથા કલમ ૫ હેઠળ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે, શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસતી એકસરખી રહે અને સામાન્યત: વોર્ડોની સરેરાશ વસ્તી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી તે પ્રમાણે વોર્ડોની રચના કરવાની રહે છે.આમ છતા રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજૂથતા તથા ભૌગોલિક નજીકપણાં કે બીજા અન્ય પરીબળોને ધ્યાનમાં રાખી ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ સરેરાશ વસ્તીમાં કરવી જરૂરી છે તો તે સંજોગોમાં ચૂંટણી આયોગ ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ કરીને વોર્ડોની રચના કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ની વસતી ગણતરીના છેવટના પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકાની કુલ વસતી ૨,૬૬,૭૩૩ આવે છે. જાહેરનામા પ્રમાણે મહાનગરપાલિકાને ૧૩ વોર્ડોમાં વિભાજીત કરવામાં આવેલ છે. તેથી, વોર્ડની સરેરાશ વસતી ૨૦,૫૧૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે મુજબ કોઈપણ વોર્ડની વસતી સરેરાશ વસતીના ૧૦ ટકાથી વધતી નથી કે ૧૦ ટકા ઘટતી નથી.

૮. મહાનગરપાલિકાના ૧૩ વોર્ડોનું નિયમોના નિયમ-૩ ની જોગવાઈને ધ્યાનમાં રાખી આ આદેશ સાથે સામેલ અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી રેલ્વેલાઈન, રોડરસ્તા વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સિલર ચૂંટવાના છે તેમજ નિયમોના નિયમ - ૫ અન્વયે દરેક વોર્ડોમાંથી બે બેઠકો સ્ત્રીઓ, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રીઓ સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બિનઅનામત ફાળવવાની રહે છે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગના ક્રમાંક:રાચઆ-ચટણ-માપદંડ-ન.૫.જન.૧-૧૨૨૦૧૪-ક તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠકો આ જાતિઓની વસતીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નક્કી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે એમ નક્કી કરેલ છે.

૧૧. જાહેરનામા મુજબ સુરેન્દ્રનગર મહાનગરપાલિકા માટે ૫ બેઠકો અનુસૂચિત જાતિ માટે તે પૈકી ૨(બે) બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અનામત રાખવાનું નકકી કરેલ છે.

૧૨. સને ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતી તથા દરેક વોર્ડોમાં અનુસૂચિત જાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો વોર્ડને ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો અનુસૂચિત જાતિ માટે નીચે પ્રમાણે ખાસ ક્રમાંક નક્કી થાય.

ખાસ ક્રમાંક	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતી	વોર્ડમાં અનુસૂચિત જાતિની કુલ વસતી	વોર્ડની કુલ વસતી સામે અનુસૂચિત જાતિની વસતીની ટકાવારી(%)
૧	૧૧	૧૯૧૬૦	૬૫૦૯	૩૩.૯૭
૨	૧૩	૧૭૩૮૫	૩૮૭૦	૨૨.૨૬
૩	૬	૨૦૮૭૯	૨૬૭૩	૧૨.૮૦
૪	૯	૨૧૭૦૪	૨૬૯૩	૧૨.૪૧
૫	૮	૨૧૯૧૨	૨૫૩૯	૧૧.૫૯
૬	૧	૨૧૧૯૬	૧૭૩૩	૮.૧૮
૭	૭	૧૯૬૫૧	૧૫૮૭	૮.૦૮
૮	૧૦	૨૧૯૧૩	૧૪૯૦	૬.૮૦
૯	૫	૧૮૫૩૦	૬૩૨	૩.૪૧
૧૦	૪	૨૦૮૯૩	૨૯૯	૧.૪૩
૧૧	૩	૨૧૩૮૨	૧૭૭	૦.૮૩
૧૨	૨	૨૨૬૫૭	૧૫૭	૦.૬૯
૧૩	૧૨	૧૯૪૭૧	૨૦	૦.૧૦
કુલ		૨૬૬૭૩૩	૨૪૩૭૯	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસતીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં ૧૧, ૧૩, ૬, ૯ તથા ૮ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠકની ફાળવણી કરવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસતીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ આયોગે નક્કી કરેલ છે. આ પ્રમાણે ગોઠવણી કરતાં વોર્ડ નં. ૧૩ અને ૯ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે અને વોર્ડ નં. ૧૧, ૬ તથા ૮ માં અનુસૂચિત જાતિ માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૧૧, ૧૩, ૬, ૯ તથા ૮ માં નિયમ-૬(અ) હેઠળ ફાળવવાની થાય. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવાની થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૧૧	અનુસૂચિત જાતિ
૨	૧૩	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૬	અનુસૂચિત જાતિ
૪	૯	અનુસૂચિત જાતિ સ્ત્રી
૫	૮	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે સુરેન્દ્રનગર મહાનગરપાલિકા માટે ૦ (શૂન્ય) બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નકકી કરેલ છે.

૧૭. સને : ૨૦૧૧ ની વસતી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ મહાનગરપાલિકાના જુદા જુદા ૧૩ સૂચિત વોર્ડની વસતી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસતી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી
૧	૧૩	૧૭૩૮૫	૫૭૪	૩.૩૦
૨	૮	૨૧૯૧૨	૨૩૩	૧.૦૬
૩	૧૨	૧૯૪૭૧	૧૪૬	૦.૭૫
૪	૧૧	૧૯૧૬૦	૧૧૧	૦.૫૮

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસતી	અનુસૂચિત આદિજાતિની કુલ વસતી	વોર્ડની વસતી સામે અનુસૂચિત આદિજાતિની વસતીની ટકાવારી
૫	૨	૨૨૬૫૭	૮૧	૦.૩૬
૬	૩	૨૧૩૮૨	૫૪	૦.૨૫
૭	૬	૨૦૮૭૯	૫૧	૦.૨૪
૮	૪	૨૦૮૯૩	૪૭	૦.૨૨
૯	૭	૧૯૬૫૧	૩૭	૦.૧૯
૧૦	૯	૨૧૭૦૪	૪૦	૦.૧૮
૧૧	૫	૧૮૫૩૦	૩૩	૦.૧૮
૧૨	૧	૨૧૧૯૬	૨૩	૦.૧૧
૧૩	૧૦	૨૧૯૧૩	૧૫	૦.૦૭
કુલ		**૨૬૬૭૩૩**	**૧૪૪૫**	

૧૮. જાહેરનામા અન્વયે ૧૪ બેઠકો પછાત વર્ગ માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૭ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત કરવામાં આવેલ છે.

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(અ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસતીની મળેલ માહિતિના અભ્યાસ પરથી મહાનગરપાલિકાના જે વોર્ડમાં પછાતવર્ગની વસતીની ટકાવારી વધુ હોય તે વોર્ડમાં ઉતરતા ક્રમે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના સૂચિત ૧૩ વોર્ડની વસતી તથા પછાતવર્ગની અંદાજીત વસતી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની કુલ વસતી	પછાતવર્ગની કુલ વસતી (અંદાજિત)	વોર્ડની વસતી સામે પછાતવર્ગની વસતીની ટકાવારી
૧	૧૩	૧૭૩૮૫	૧૩૯૨૫	૮૦.૦૯
૨	૧	૨૧૧૯૬	૧૪૪૯૩	૬૮.૩૭
૩	૧૨	૧૯૪૭૧	૧૨૮૮૪	૬૬.૧૭
૪	૮	૨૧૯૧૨	૧૪૩૫૦	૬૫.૪૮
૫	૯	૨૧૭૦૪	૧૨૩૮૫	૫૭.૦૬
૬	૧૧	૧૯૧૬૦	૮૭૮૪	૪૫.૮૪
૭	૫	૧૮૫૩૦	૮૪૫૧	૪૫.૬૦
૮	૨	૨૨૬૫૭	૯૪૨૧	૪૧.૫૮
૯	૪	૨૦૮૯૩	૮૪૮૦	૪૦.૫૯
૧૦	૭	૧૯૬૫૧	૭૮૮૯	૪૦.૧૪
૧૧	૧૦	૨૧૯૧૩	૮૫૯૮	૩૯.૨૩
૧૨	૩	૨૧૩૮૨	૮૨૬૬	૩૮.૬૬
૧૩	૬	૨૦૮૭૯	૬૦૨૦	૨૮.૮૩
કુલ		**૨૬૬૭૩૩**	**૧૩૩૯૪૬**	

પછાતવર્ગની વસતીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઇ ઉતરતા ક્રમમાં સૂચિત વોર્ડ નં. નં.૧૩, ૧, ૧૨, ૮, ૯, ૧૧, ૫, ૨, ૪, ૭, ૧૦, ૩, ૬ અને ૧૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી શકય હોય ત્યાં સુધી દર બીજા ક્રમે આવતાં વોર્ડ નં. ૧, ૮, ૧૧, ૨, ૭, ૩ અને ૧૩ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય.

ખાસ ક્રમાંક ૧૩ વોર્ડ નં.૬ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં ૬માં અનુસૂચિત જાતિની બેઠકની ફાળવણી કરેલ હોઈ તે વોર્ડમાં પછાત વર્ગની બેઠક ફાળવી શકાય તેમ નહોતી જેથી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશની જોગવાઇ અને માપદંડો મુજબ ચડતા-ઉતરતા ક્રમ ધ્યાને લઈ ખાસ ક્રમાંક નં.૧ વોર્ડ નં-૧૩માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય પરંતુ વોર્ડ નં.૧૩માં પછાતવર્ગની પ્રથમ બેઠક અને અનુસૂચિત જાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોય, પછીના ઉતરતા ક્રમના ખાસ ક્રમાંક ૨, વોર્ડ નં.૧ માં પછાત વર્ગની બેઠક ફાળવણી કરેલ છે અને ખાસ ક્રમાંક નં.૧૩ વોર્ડ નં-૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણી કરીએ.

આથી પછાતવર્ગની બેઠકોની સમગ્રત: ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે ફાળવવામાં આવે છે.

અ.નં.	વોર્ડ નંબર	બેઠક
૧	૧૩	પછાતવર્ગ
૨	૧	પછાતવર્ગ સ્ત્રી, પછાતવર્ગ
૩	૧૨	પછાતવર્ગ ,
૪	૮	પછાતવર્ગ સ્ત્રી
૫	૯	પછાતવર્ગ
૬	૧૧	પછાતવર્ગ સ્ત્રી
૭	૫	પછાતવર્ગ
૮	૨	પછાતવર્ગ સ્ત્રી
૯	૪	પછાતવર્ગ
૧૦	૭	પછાતવર્ગ સ્ત્રી
૧૧	૧૦	પછાતવર્ગ
૧૨	૩	પછાતવર્ગ સ્ત્રી
૧૩	૬	પછાતવર્ગ સ્ત્રી

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક બાકી રહેતી બેઠકો બિનઅનામત તરીકે ફાળવવામાં આવે છે. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડની રચના અને હદરેખા નકકી કરતો અને વોર્ડની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો રજૂ કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, સરદાર ભવન, બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેક્ટરશ્રી, સુરેન્દ્રનગરને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી આયોગ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૧

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા, સુરેન્દ્રનગર જિલ્લો

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-મનપા- સુરેન્દ્રનગર -યુનિટ-૨-૨૦૨૫, તા.૧૭/૦૯/૨૦૨૫નું બિડાણ.

સને, ૨૦૧૧ની વસતિ ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડાના આધારે સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સૂચિત વોર્ડ રચના મુજબ વોર્ડોનું વર્ણન.

વોર્ડ નં. ૧ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.-૧ના વાયવ્ય ખૂણે આવેલ ચમારજના રે.સ.નં.-૧૬૨ થી શરૂ કરી ઉત્તર પૂર્વ તરફ ચાલતા સર્વે નં.-૧૬૩, ૧૭૫ થી ૧૮૨, ૧૯૨, ૧૯૩, ૧૯૫, ૧૯૬, ૧૯૮, ૧૯૯, ૨૦૨, ૨૦૩, ૨૦૫, ૨૦૬, ૨૦૮, ૧૩૮, ૧૩૫, ૧૩૪, ૧૩૩, ૧૨૬ થી ૧૨૨, ૧૧૮, ૧૧૫, ૧૦૨ થી ૯૯, ૯૪૪ થી ૯૫૦, ૯૨૮ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં.-૯૨૩ થી ૯૨૦, ૯૧૦, ૯૦૯, ૮૬૭ થી ૮૫૮ સુધી ત્યાંથી આગળ ચાલતા સર્વે નં.-૭૮૮ થી ૭૮૪, ૭૬૭ થી ૭૬૫, ૭૫૦, ૭૪૭ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા સ.નં.-૭૪૮, ૭૪૯, ૭૫૧ થી ૭૫૮, ૭૦૪, ૭૦૧ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ પશ્ચિમ તરફ સર્વે નં.-૪૪૯, ૪૪૮, ૪૫૭, ૪૫૯ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં.-૪૬૧, ૪૭૧/૧, ૪૭૧/૨, ૯૯૩ પૈ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ નર્મદા ક્વાર્ટર, ભીમરાવ સોસાયટી આવરી લઈ વાણંદ સોસાયટી ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં.-૫૨૩/૧, ૫૩૨, ૫૩૦, ૫૪૫, ૫૩૯/૧, ૨૨૧ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે ખમીસણા ગામની હદે હદે ચાલતા સર્વે નં.- ૧૦ થી ૨૦ આવરી આગળ ચાલતા ઉત્તર તરફ સર્વે નં.-૫૧, ૬૪, ૨૨૩, ૭૨, ૭૩, ૧૪૦ થી ૧૪૨, ૧૫૨ થી ૧૫૭, ૧૬૩, ૫૩૭ થી ૫૩૯, ૫૪૫ થી ૫૪૮, ૫૫૦, ૫૫૧, ૬૦૦, ૬૦૫, ૬૦૬, ૬૧૩ થી ૬૧૫, ૫૧, ૫૨, ૫૪, ૫૬, ૫૧૪, ૫૧૧, ૯૯ થી ૧૦૨, ૧૫૮, ૧૫૭, ૧૬૧ અને ૧૬૨ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૨ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર - ૨ વાયવ્ય ખૂણે આવેલ રે. સં. નં. ૫૧૯ થી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા સ.નં.-૫૦૭ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.-૪૭૨, ૪૭૩/૩ આવરી લઈ સ.નં.-૧૭૪ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા સ.નં.-૪૭૭/૨/૨ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ.નં.-૪૮૭ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા સ.નં.-૪૮૮, પેટ્રોલ પંપ, કીરણ સોસાયટી, સાધના સોસાયટી, ચર્ચ, બગીચાના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જૂનુ સર્કિટ હાઉસ, મહાદેવ મંદિર, સરદાર સોસાયટી, સ.નં.-૨૩૧, સંગમ સોસાયટી આવરી લઈ સ.નં.-૨૨૭ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.-૫૬૪, ચીત્રકુટ સોસાયટી સ.નં.-૫૧૩ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ રાજ રાજેશ્વરી સોસાયટી આવરી લઈ સ.નં.-૫૧૩ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે રાજ રાજેશ્વરી સોસાયટી આવરી લઈ સ.નં.-૫૧૯ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૩ ના વાયવ્ય ખૂણે આવેલ રે.સં. નં. ૭૦૧થી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા રે. સં. નં. ૭૦૨, ૭૦૩, ૭૦૫, ૭૦૬, ૭૦૮, ૭૦૯, ૭૧૪, ૭૩૨ થી ૭૩૬, ૭૩૯ થી ૭૪૪, ૭૪૬ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા સ.નં.-૬૪૧, ૬૪૦, ૬૪૭ થી ૬૪૯, ૬૫૨ થી ૬૫૩, મજદુર સંઘ સોસાયટી સ.નં.-૬૫૪ વિવેકાનંદ સોસાયટી, આવરી લઈ સ.નં.-૬૭૬ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા સ.નં.-૬૭૫, ૬૭૪, ૭૨૧ થી ૭૧૯, ગાયત્રી પાર્ક આવરી સ.નં.-૬૮૯ ના ખૂણા સુધી ત્યાંથી આગળ ચાલતા મહાદેવ મંદિર, સ.નં.-૬૨૦/પૈ., સ.નં.- ૫૯૪, કલ્યાણ નગર ત્યાંથી દક્ષિણ તરફ વિવેકાનંદ સોસાયટી નં.-૪, સ.નં.-૬૦૧ થી ૬૦૩, સ.નં.-૬૧૧ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ થી દક્ષિણ તરફ સ.નં.-૬૧૦, ચંદ્રનગર આવરી સ.નં.- ૬૦૭ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.-૬૦૮, ૫૭૮/૧, ૫૭૮/૩ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા સ.નં.-૪૮૩ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં.- ૪૮૩, ૪૮૪ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.-૪૭૭, ૪૭૮, ૪૭૫, ૪૬૦ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ.નં.-૪૫૬, ૪૫૦ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.-૫૮૮ આવરી લઈ સ.નં.-૭૦૧ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડનં. ૪ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણનઃ

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ ના વાયવ્ય ખૂણે આવેલ બહુચર હોટલ ૬૦, ફુટ રોડના મધ્ય બીંદુ થી પૂર્વ તરફ ચાલતા ડો. કમલેશ પરીખનુ દવાખાનુ, વર્ધમાન કોલોની શેરી નં. ૧ તથા ૨, પઢિયાર રોડ શેરી નં. ૧ તથા ૨, આવરી લઈ રૂપાળીબાના મંદિર તરફ જતા રોડના મધ્યબિંદુ સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા પ્રભાત સોસાયટી, અલકા, વૃન્દ્રાવન, શેરી નં. ૩, ૨, ૧ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતા જંકશન રોડના મધ્યબિંદું સુધી ત્યાંથી ઉત્તર તરફ નવ દુર્ગા પાર્ક, પંકજ સોસાયટી આવરી લઈ પૂર્વ તરફ આગળ ચાલતા ગાયત્રી પાર્ક રહીમનગર, નુરે મહમદી સોસાયટી, રામનગર, આવરી લઈ સ.નં.- ૬૭૫ નાં ખૂણા સુધી ત્યાંથી દક્ષીણ તરફ રેલ્વે ની હદે ચાલતા ધ્રાંગધ્રા કોલોની આવરી લઈ અંડરબ્રીજ સુધી ત્યાંથી પશ્ચીમ તરફ ખીજડીયા હનુમાન આવરી લઈ ટાંકીચોકના ખૂણા ત્યાંથી, ઉત્તર તરફ જેલચોક, મેળાના મેદાન વાદીપરા એરીયા, દરજીની વાડી, આવરી લઈ બહુચર હોટલના ખૂણા સુધીમાં સમાવીષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૫ ના વાયવ્ય ખૂણે આવેલ મુલચંદ ગામના સ.ન.૩૨૧ થી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા સ.ન.૩૨૦, ૩૧૯, ૩૧૭, ૩૧૨, ૩૧૧, ૩૦૮, ૩૦૭, થી ૩૦૫, ૨૭૭, ૨૭૫, ૨૭૩, ૨૭૨, ૨૫૨, ના ખૂણા સુધી ત્યાંથી દક્ષીણ તરફ ચાલતા સ.ન.૨૫૧, ૨૫૦, ૨૪૦, ૨૩૯, ૨૩૬, ૨૩૪, થી ૨૩૦, ૨૦૦ થી ૨૦૭, ૧૮૬, ૧૮૩, થી ૧૮૧, ૧૭૬, ૧૭૩, ૧૭૨, ૧૬૬, ૧૬૪ થી ૧૬૨, ૯૬, ૯૪, ૯૩, ૭૨, થી ૬૯, નાં ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા સ.ન.૬૮, ૬૬, ૬૪, ૬૩, ૬૧, ૬૦, ૩૮, થી ૩૬, ૩૦ નાં ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ.ન.૨૯, ૨૧૫૬/૧, ૨૧૫૬/૨, ૨૧૫૦, ૧૯૮૮, ૨૦૧૨, ૨૦૦૯, ૧૯૭૯/૪, ૧૯૩૮/૨, બી ૧૯૩૯, વંદના સોસાયટી, ૧૭૭૭/૨, પાણીની ટાંકી, ભારત પરૂ, ૧૭૮૩, સ્વસ્તિક સોસાયટી, ૧૭૮૭/૧/૩, ૧૭૮૫, આર્ટસ કોલેજનાં ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા મ્યુનીસીપાલીટી સોસાયટી, પ્રેસીડન્ટ હોટલ, સ.ન.૧૭૬૬ થી ૧૭૬૪, ૧૭૬૩ નાં ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા સ.ન.૧૭૬૨, બી.એસ.એન.એલ ટાવર, અલંકાર સિનેમા સ.ન.૧૭૫૭, ૧૭૫૬, થી ૧૭૫૪, ૧૭૪૯, ૧૭૪૮, ૧૯૫૯, ૧૯૬૦, ૬૨૫ થી ૬૩૧/૧, ૬૪૯/૨, ૬૩૯, થી ત્યાંથી આગળ ચાલતા સ.ન. ૪૪૩, ૪૪૧, ૪૩૫, ૩૬૪, ૩૪૬, થી ૩૪૩, ૩૩૯, ૩૩૮, ૩૩૨, ૩૩૦, ૩૨૩, ૩૨૨, ૩૨૧ નાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવીષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ના વોર્ડ નં.-૬ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં.-૨૦૦૮/૨ થી ઉત્તર તરફ ચાલતા ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૧૯, ૨૦૧૩, ૧૯૯૦, ૧૯૮૯, ના ખૂણા સુધી ત્યાંથી દક્ષીણ તરફ સ.નં.-૨૦૧૪, ૨૦૧૭, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૬/૧, ના ખૂણા સુધી પૂર્વ તરફ સ.નં.-૨૦૩૨ થી ૨૦૩૦, ૨૦૯૮, ૨૧૧૩ થી ૨૧૧૬, ૨૧૧૯/૧/૨, ૨૧૨૦/૨, ૨૧૨૦/૧, ૨૧૧૮/૧, ૨૦૯૨, ૨૨૪૦/૧, ૨૨૪૧/૧/૨, ૨૨૪૨ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા રે.સ.નં.- ૨૨૪૪, ૨૨૪૫ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ.નં. - ૨૩૦૭/૧/૨, ૨૩૦૬, ૨૨૯૭ ના ખૂણા સુધી ત્યાંથી સ.નં.- ૨૨૯૬ આવરી લઈ સ.નં.- ૨૪૭૩, ૨૪૭૧, ૨૪૭૦ નાં ખૂણા સુધી ત્યાંથી દક્ષીણ તરફ ચાલતા રે.સ.નં.-૨૪૭૧, ૨૪૭૬, ૨૪૭૮, ૨૪૭૯, ૨૪૮૩, ૨૪૮૪, ૨૪૮૮, ૨૪૯૨, ૨૪૯૪ થી ૨૪૯૬ થી સ.નં. ૨૨૬૦ બોદા તળાવના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા સ.નં. ૨૦૬૪, ૨૦૬૩, કાપડિયા ગલ્સ સ્કુલ, ૨૦૬૨ થી ૨૦૫૫, ૨૦૫૧, ૨૦૫૨/૧, ૧૮૮૧ ના ઉત્તર પૂર્વ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ.નં.૧૮૮૧, ૧૮૮૪, ૧૮૯૦, ૧૮૮૮ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ૧૮૮૯, ૧૮૯૧, ૧૯૦૯ થી ૧૯૧૮, ૧૯૨૩, મારૂતી પાર્ક, ૧૯૨૪ પ્રાયમરી સ્કુલ, ૧૯૩૧ સંકલ્પ વિદ્યાલય, ચામુંડા પાર્ક, કુમકુમ સોસાયટી, સ.નં.-૧૯૩૬/૧, ૧૯૩૭, મહાદેવ મંદિર, સંજીવની સોસાયટીના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સ.નં.-૧૯૩૮ આનંદ પાર્ક, આવરી, પૂર્વ તરફ સ.નં. ૨૦૦૭ આવરી લઈ સ.નં.-૨૦૦૮/૨ ના વાયવ્ય ખૂણા સુધી સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૭ના વાયવ્ય ખૂણે આવેલ રે.સ.નં. ૧૭૭૮ થી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા વંદના સોસાયટી કમલપાર્ક, રે.સ.નં. ૧૭૭૯/બી, ૧૭૭૯/એ, ઘનશ્યામ નગર, મયુરનગર, ભાગ્યોદય સોસાયટી, નુતન અરૂણોદય સોસાયટી આવરી લઈ ૮૦ ફુટ રોડ ઉપર આગળ ચાલતા રે.સં. નં. ૧૭૯૭, ૧૭૯૮/૨/એ, ૧૭૯૮/૨/બી, ૧૭૯૯, ૧૮૦૨, ટેકનીકલ હાઈસ્કુલ, ૧૮૦૩, આઈ.ટી.આઈ, સ.નં.૧૮૧૪, ૧૮૧૫, ૧૮૧૬, ૧૮૨૫, સીયુ શાહ ઈંગ્લીસ સ્કુલ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતાં રે.સ.નં. ૧૮૮૭, ૧૮૮૬, ૧૮૮૫, ૧૮૮૨, ૧૮૮૦, ૧૮૭૯ ના ૨૪.૦ મી. રોડના ખૂણા સુધી ત્યાંથી ૨૪.૦ મી. રોડ ઉપર પૂર્વ તરફ ચાલતા રે.સ.નં.-૧૮૭૮, ૧૮૭૪, ૧૮૭૩/૧/૨, ૧૮૫૯, ૧૮૫૮, ૧૮૫૭, ૧૮૫૫, ૧૮૫૩, ૧૮૫૨, ૧૮૫૧, આવરી આગળ ચાલતાં રે.સ.નં.- ૧૬૫૫ પૈ.૨/૩, ૩૫૭૫ મંગળ ભુવન, ૧૬૫૦ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ ચાલતા રે.સ.નં.- ૩૪૯૬, ૨૫૦૦/૨/૧,૨૫૦૦/૨/૨, ૨૫૧૧, ૨૫૧૨/૨/૧,૨૫૨૦, ૨૫૨૧, ૨૫૩૨/૩નાં ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતા રે.સ.નં.- ૨૫૨૨/૧, ૨૫૨૨/૨, ૨૫૩૦/૧, ૨૫૩૦/૨ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રે.સ.નં.- ૨૫૨૯, ૨૫૨૮, ૨૭૯૯ થી ૨૮૦૧, ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ આગળ ચાલતા રે.સ.નં.- ૨૮૦૮, ૨૮૨૩, ૨૮૨૨ ૨૮૨૧,થી ૨૮૨૦ નાં ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા રે.સ.નં.-૨૮૧૯, ૩૦૧૮/૨, ૩૦૨૩, ૩૪૯૩, ૩૪૮૮, ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષીન તરફ આગળ ચાલતા રે.સ.નં.-૩૪૮૯, ૩૪૯૦, ૩૪૯૧, ૩૪૯૪, ૩૪૯૫, ૩૧૩૯,૩૪૯૮/૪, ૩૪૯૮/૩, ૩૪૯૮/૨, ૩૪૯૮/૧, ૩૪૯૬/૧, ૩૫૦૦, ૩૫૦૧ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.- ૩૦૨૧ આવરી લઈ ૩૦૨૦/૧ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા રે.સ.નં.- ૨૮૧૪, ૨૮૧૩, ૨૮૧૨/૨, ૨૮૧૨, ૨૮૧૧, ૨૮૧૦, ૨૮૦૭, ૨૮૦૬, ૨૮૦૫, ૩૫૧૦, ૩૫૦૯, ૩૫૧૫ થી ૩૫૧૭, ૩૪૯૬, ૧૬૫૦, ૧૬૫૧, ૧૬૫૨, ૧૬૫૪, ૧૬૬૪, ૧૬૬૩/૧/૨/૩, ૧૬૬૫ થી ૧૬૬૭, ૧૬૭૦, વોટર ટેંક સમ્પ, ડાંગસિયા પ્રાયમરી સ્કુલ, રે.સ.નં.-૧૭૦૭, થી ૧૭૧૨, ૧૭૧૪, ૧૭૧૫/૧/૨, ૧૭૧૬/૧/૨, ૧૭૧૭, ૧૭૧૮, ૧૭૨૦ નાં ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ૩૦.૦ મી.નાં રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.- ૧૭૯૧/૨/એ/બી, ૧૭૯૦,૧૭૮૯/૩, આઈ.ટી.આઈ.ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા પ્રોફેસર્સ પાર્ક આવરી રે.સ.નં.-૧૭૯૩/૪, મહાવીર સોસાયટી ત્યાંથી પશ્ચિમ તરફ જતા રે.સ.નં.-૧૭૮૨ નાં ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા રે.સ.નં.- ૧૭૮૧ આવરી આગળ ચાલતા રે.સ.નં.-૧૭૭૮નાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૮ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૮ ના વાયવ્ય ખૂણે આવેલ દુધરેજ રે.સ.નં.-૫૪૬ થી શરૂ કરી પૂર્વ તરફ ચાલતા રે.સ.નં.-૫૩૨ ના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.-૫૨૨ આવરી રે.સ.નં.-૫૨૧ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં.-૫૨૧, ૫૨૦ ના ખૂણા સુધી પૂર્વ તરફ ચાલતા રે.સ.નં.-૫૩૫નાં ખૂણા સુધી ત્યાથી દક્ષિણ તરફ ચાલતા રે.સ.નં.-૫૬૩, ૫૬૨ આવરી લઈ રે.સ.નં.-૨૨૬ સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતા રાધે ટેનામેન્ટ, રે.સ.નં.-૨૨૯, નર્મદા ક્વાર્ટર્સ, સાગર સોસાયટી આવરી, ફોરેસ્ટ ઓફીસ, કોર્ટ ગવર્મેન્ટ ઓફીસ આવરી, જેલ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ટાવર સુધી ત્યાંથી પૂર્વ તરફ હાટકેશ્વર મંદિર, ઘાંચીવાડ, સૈફી મહોલ્લા, રતનેમાં, જૈન વાડી, મહેતા માર્કેટ, હર્ષદ ગેસ્ટ હાઉસ, અંડરબ્રીજ ક્રોસ કરી રાજ હોટલ, કુંભારપરા, મેગા મોલ, મીલન ટોકીઝ, જીન પ્લોટ, મહારાષ્ટ્ર બેંક, રામ ભોજનાલયથી બસ સ્ટેન્ડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ભોગાવાની હદ સુધી ત્યાંથી ભોગાવાની હદે હદે પશ્ચિમ તરફ ચાલતા, ખાટકીવાડ, શારદા વિજય સોસાયટી, કુંભારપરા, આંબેડકરનગર- ૧, દેવીપુજક વાસ, કુકડા પ્રેસ, પોપટપરા, કેશવલાલ જીન, ખાટકીવાડ, જીલ્લા પંચાયત, ૬૦ ક્વાર્ટર, સર્વે ભુવન, કૃષ્ણ નગર રોહાઉસ અને પાણીની ટાંકીના ભોગાવો નદીના દક્ષિણ પૂર્વ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા રે.સ.નં.-૨૨૩, ૨૨૨,૫૫૩ થી ૫૪૬ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૯ માં સમાવિષ્ટ વિસ્તારની હદનુ વર્ણન:

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર-૯ ના વાયવ્ય ખૂણે આવેલ ખેરાળીના રેવન્યુ સર્વે નંબર-૬૯૨ થી શરૂ કરી ઉત્તર પૂર્વ તરફ ચાલતા રેવન્યુ સર્વે નંબર ૬૯૩ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર રેવન્યુ સર્વે નંબર ૨૧૪ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ભોગાવો નદીના કાંઠે ૨૧૩/૨ રેવન્યુ સર્વે નંબર-૨૧૨, ૨૧૧, ૨૧૦, ૨૦૮/૩, ૨૦૭/૧, ૨૦૨/૨, ૨૦૨/૧, ૨૦૨ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રે. સર્વે નંબર-૨૩૯, પોલીસ સ્ટેશન, રેવન્યુ સર્વે નંબર ૨૪૦/૨, જમ્બુદ્વીપનગર સર્વે નંબર-૯ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતા રે. સર્વે નંબર ૬ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે ચાલતા રે. સર્વે નંબર ૬ ના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતા રે.સર્વે નંબર -૫/૨, સંજીવની સોસાયટી, ૫/૪/૨, ૩/૩ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે ચાલતા રે. સર્વે નંબર ૩/૩ ના દક્ષિણ ખૂણે ત્યાં રેવન્યુ સર્વે નંબર-૧૭, ૨૧, ૨૨ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રેલવે લાઈન ઓળંગી રેવન્યુ સર્વે નંબર ૩૬/૭, ૩૭/૨, ૩૭/૧, માંડવરાયજી નગર આવરી રેવન્યુ સર્વે નંબર ૧૬૨૯ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રે. સ.નં. ૧૬૨૮, ૩૮, ૪૦/૩, ૩૯, ૪૧/૧/૨/૩, ૪૨ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ૪૫,૪૬ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નંબર-૬૯/૩, ૭૧, ૮૬/૩ ના ઉત્તર પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ રેવન્યુ સર્વે નંબર -૮૬/૧, ૮૬/૨, ૮૬/૩ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ મહાનગરપાલિકાની હદે હદે ચાલતા રેવન્યુ સર્વે નંબર - ૮૭, ૮૮, ૯૧, ૯૫, ૯૨, ૯૩, ૧૦૮૫, ૧૦૮૬ થી ૧૧૪૪ માળોદના રેવન્યુ સર્વે નંબર-૬૮૦, ૬૮૧, ૬૮૯, ૭૦૦ ત્યાંથી પૂર્વ તરફ રેવન્યુ સર્વે નંબર-૭૬૦, ૭૬૧, ૭૬૩, ૭૬૪, ૭૬૬, ૭૬૭, ૭૭૦ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રે. સ.નં. -૭૭૧, ૭૭૨, ૭૭૩, ૮૧૮, ૮૧૯, ૮૧૭, ૮૧૬, ૮૨૧, ૮૨૦, ૮૨૨, ૮૨૮, ૮૨૯, ૮૮૦, ૮૮૨, ૮૮૫, ૮૮૬, ૮૮૭, ૮૮૮, ૮૮૯, ૯૦૭, ૯૦૮, ૯૬૫, ૯૬૪, ૧૦૯૫, ૯૬૬, ૧૦૦૫, ૧૦૦૬, ૧૦૦૭, ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા ૧૦૯૭, ૧૦૦૮, ૧૦૦૯, ૧૦૧૫, ૧૦૨૦, ૧૦૨૧, ૯૩, ૯૪, ૯૬, ૯૭, ૯૮, ૯૯, ૧૦૦, ૧૦૯, ૧૧૦, ૧૧૬, ૧૨૦, ૧૨૧, ૧૨૪ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા રે. સ.નં. ૧૨૫, ૧૨૩, ૧૨૬, ૧૩૦, ૧૩૨ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા ૧૪૩, ૧૪૪, ૧૫૦, ૧૬૨, ૧૬૩, ૧૬૭, ૨૯૮, ૨૯૯, ૩૦૧, ૩૦૨ ત્યાંથી ઉત્તર તરફ ચાલતા ૩૦૬, ૩૩૦, ૩૩૨, ૩૩૮, ૩૫૦, ૩૬૦, ૩૬૫ ખેરાળીના રેવન્યુ સર્વે નંબર ૧૧૦૦, ૧૪૧, ૧૪૦, ૨૧૫, ૨૨૭, ૨૩૧, ૨૫૫, ૨૫૯, ૨૭૭, ૩૬૬, ૩૯૪, ૩૯૫, ૪૦૨, ૪૦૩, ૪૦૪, ૪૧૬, ૫૦૬, ૫૧૦, ૫૧૪, ૫૮૬, ૧૨૫૭ થી આગળ ચાલતા રે. સ.નં. ૬૯૨ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૦ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા ના વોર્ડ નંબર-૧૦ ના વાયવ્ય ખૂણે આવેલ રતનપર મોરબી પુલ પાસે રેવન્યુ સર્વે નંબર-૨૪૨ ના ખૂણાથી શરૂ કરી ભોગાવો નદીની હદે હદે પૂર્વ તરફ ચાલતા કબ્રસ્તાન વિસ્તાર, મિલની ચાલી, રતનપર શેરી નંબર ૧૭ થી ૮ અનુસૂચિત વાસ આવરી લઈ રેલ્વે લાઈન સુધી રેલ્વે લાઈન ઓળંગી આગળ ચાલતા લુહાર સુથારની વાડી, ડી.એન.ટી. સ્કૂલ, રાઠોડ ચાલી, પ્રજાપતિની વાડી, જોરાવનગર કોમ્યુનિટી હોલ આવરી લઈ દક્ષિણ તરફ ચાલતા સ્વામિનારાયણ મંદિર, નીલકંઠ મહાદેવ મંદિર સામે પૂર્વ તરફ નિલેશભાઈ લખતરિયાના ઘરવાળા રસ્તે ચાલતા ખોડીદાસ ભાઈ ખાંદલાના ઘરવાળા રસ્તા ના ચોક સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા અજયભાઈ વિનોદભાઈ ના ઘરના રસ્તા સુધી ત્યાંથી પૂર્વ તરફ ચાલતા કારિયાણી હાઉસ મહાલક્ષ્મી મંદિર આવરી લઈ એમ.જી. રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રેલવે સ્ટેશન સુધી ત્યાંથી રેલવે હદે હદે પશ્ચિમ તરફ ચાલતા કંસારા ના મકાનો રે. સર્વે નંબર ૧૬૨૯, ૨૬૮ ના ખૂણા સુધી ત્યાંથી રેલવે ઓળંગી પશ્ચિમ તરફ ચાલતા ભગવતી સોસાયટી, નેમિનાથ સોસાયટી,જ્ઞાન સેતુ સ્કૂલ વાળો વિસ્તાર સર્વે નંબર-૩૩/૧ ના ખૂણા સુધી ત્યાથી દક્ષિણ તરફ સર્વે નંબર-૨૭ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મંગલમ પાર્ક, શિવ નગરના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ કૃષ્ણનગર શેરી નંબર-૧,૨,૩ વાળો વિસ્તાર આવરી પશ્ચિમ તરફના સર્વે નંબર -૫/૨/૧ આવરી ઉત્તર તરફ ચાલતા સર્વે નંબર-૩/૧ આવરી સંજીવની સોસાયટીના દક્ષિણ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વિશ્વકુંજ અને ગાંધીનગર સોસાયટી વાળો વિસ્તાર આવરી દેરાસરના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નંબર-૭ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ અજરામર પાર્ક નો વિસ્તાર આવરી સર્વે નંબર-૮ ના દક્ષિણ પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નંબર-૮ આવરી ઉત્તર પશ્ચિમ ખૂણા

સુધી ત્યાંથી પૂર્વ તરફ રામેશ્વર મંદિર ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ ચાલતા રતનપરની શેરીઓ, એવરી કાટા, મુસ્લિમ વિસ્તાર આવરી સર્વે નંબર-૨૪૨ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૧ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૧૧ ના વાયવ્ય આવેલ રેવન્યુ સર્વે નંબર-૨૫૮ના ખૂણે થી શરૂ કરી ભોગાવો નદીના કાંઠે પૂર્વ તરફ ચાલતા ભરવાડ વાસ કોમા શ્રીજી પ્લાસ્ટિક કારખાનું રામાપીરના મંદિર વાળો વિસ્તાર હનુમાન ચોકની શેરીઓ રોહીદાસ વંશી સમાજની વાડી અનુ.જાતિવાસ આવરી સુખધામના ખૂણા સુધી ત્યાંથી ભોગાવોના કાંઠે આગળ ચાલતા રેવન્યુ સર્વે નંબર-૧૬૪૭, ૧૬૪૮, ઘરશાળા શનિ મહારાજનું મંદિર સોસાયટી રોડ પર પી.એન.બી. બેંક થી વઢવાણ ઝોન ઓફિસથી સોસાયટી, બ્રહ્મ સમાજ ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ્વામિનારાયણ મંદિર કોર્ટ, બાલાસાગર તળાવ સર્વે નંબર-૧૦૮૭ તેમજ દરગાહ અને ગોડાઉન આવરી રેલ્વે લાઈન ઓળંગી સર્વે નંબર-૧૦૮૬ ના ખૂણા સુધી ભાવનગર રેલવે ફાટક ઓળંગી રેલવે સ્ટેશનના અગ્નિ ખૂણા એ વળી રેવન્યુ સર્વે નંબર-૧૧૦૮, ૧૧૦૯, ૧૧૨૧, ૧૧૨૦, ૧૧૧૮/૧, ૧૧૧૭/૧, ૧૧૧૭/૨, ૧૧૧૬, ૧૧૧૫/૧, ૧૧૧૫/૨, ૧૧૧૪ની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતા રેવન્યુ સર્વે નંબર-૧૩૦૬ ના અગ્નિ ખૂણેથી વળી પશ્ચિમ તરફ જતા રેવન્યુ સર્વે નંબર-૧૩૦૮, ૧૩૧૬, ૧૩૪૪, ૧૩૪૫ની દક્ષિણની હદે પશ્ચિમ તરફ જતા રેવન્યુ સર્વે નંબર -૧૩૪૫ ના નૈઋત્ય ખૂણેથી વળી ઉત્તર તરફ જતા વચ્ચે રે.સ.નંબર-૧૩૪૭,૧૩૩૯ ની પશ્ચિમની હદે ઉત્તર તરફ જતા ખરાબો આવરી સર્વે નંબર -૧૫૬૬/૧ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નંબર-૧૫૬૫ થી ૧૫૫૯/૧નાં ખૂણા સુધી, ઉત્તર તરફ હદે હદે આગળ વધતા રેવન્યુ સર્વે નંબર-૧૫૮૬/૧ ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ વળતા હદે હદે વચ્ચે આવતા રે. સ.નં.-૧૫૮૬/૨ થી ૧૫૮૧/૨ની ઉત્તરની હદે પૂર્વ તરફ જતા રે. સ.નં.-૧૬૧૦ થઈ રેલવે પાટા ઓળંગી રેવન્યુ સર્વે નંબર-૧૬૧૧/૨, ૧૬૧૩ થી ૧૬૧૬, ૧૬૧૮, ૧૬૨૧/૨, ૧૬૨૨/૨, ૧૬૨૨/૧, ૧૬૨૫, ૧૬૨૬, ૧૬૨૭ રેલવે હદ સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે લાઈન ઓળંગી સર્વે નંબર -૧૬૩૦, ૧૬૩૧ આવરી ત્રિમૂર્તિ સ્કૂલ વાળા રોડ ના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ત્રિમૂર્તિ સ્કૂલના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નંબર-૧૬૪૪, દેરાસર આવરી પશ્ચિમ તરફ ચાલતા ખોડીદાસભાઈ ખાંદલાના મકાનના ચોક પશ્ચિમ તરફ આર્ટસ કોલેજ વાળા રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ રેવન્યુ સર્વે નંબર-૨૫૮ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં ૧૨ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૧૨ ના વાયવ્ય ખૂણે આવેલ બારી રોડ ભોગાવા નદીના કાંઠે થી શરૂ કરી ભોગાવો નદીની હદે પૂર્વ તરફ ચાલતા ધોળીપોળ, દરવાજાની ઉત્તર દિશામાં મહાનગરપાલિકાનું વોટરવર્કસ થી પૂર્વ તરફ પૂલથી એસ.ટી. સ્ટેન્ડ આવરી ભોગાવા ની હદે આગળ ચાલતા લીંબડીવાળા રોડના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા ઓટો સ્ટેન્ડ, પ્રાઈમરી સ્કૂલ નં. ૧, દાદાભા ની શેરી વાળો વિસ્તાર ,ગ્રામીણ બેંક વાળો વિસ્તાર, નાથાવોરાની શેરી વાળો વિસ્તાર, લાયબ્રેરી, મસ્જિદ ચોક વાળો વિસ્તાર, કંસારાની વાડી વાળો વિસ્તાર, મંગલ ઘોડા ની શેરી વાળો વિસ્તાર, સતવારા પરા વિસ્તાર, ગડીયા હનુમાનનો વિસ્તાર, માલધારી ચોકથી કે. આર. કોઠીવાળા ના ઘર તરફ ડાબી બાજુના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા દાજીરાજ સ્કૂલવાળો વિસ્તાર ત્યાંથી ઉત્તર તરફ દાજીપરા વિસ્તાર, જી.ઈ.બી. ઓફિસના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મોચીશાળવાળો વિસ્તાર આવરી જી.ઈ.બી. ઓફિસના દક્ષિણ તરફના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ એલ. એમ. શેઠ સ્કૂલવાળો વિસ્તાર, લાખુપોળ વાળો વિસ્તાર, પંચાયત ઓફિસ, ગુજરાતી સ્કૂલ, ગર્લ્સ સ્કૂલ, ગુરૂકુળ સ્કૂલ, હેલ્થ સેન્ટર, લેબોરેટરી વાળો વિસ્તાર, બ્રહ્મ સમાજની વાડી વાળો વિસ્તાર આવરી બારી રોડ વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૧૩ માં સમાવિષ્ટ વિસ્તારની હદનું વર્ણન :

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર -૧૩ ના વાયવ્ય ખૂણે આવેલ સર્વે નંબર-૧ ભોગવાના કાંઠેથી શરૂ કરી પૂર્વ તરફ ભોગવા નદી હદે ચાલતા સર્વે નંબર-૨, ૪, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૧, ૮૨, ૩, ૧, ૯૮, ૯૭, ૧૦૬, ૧૦૩/૨, ૧૦૩/૧, ૧૦૯, ૧૧૫, ૧૧૭, ૧૩૦, ૧૪૨, ૧૪૪, ૧૪૬, ૧૪૭, ૧૫૦ના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નંબર-૫૨૦, ૫૧૭, ૫૧૮, ૫૧૭/૨, ૫૧૬, ૫૨૯, ૫૩૦, ૫૩૧, ૪૯૬/૩, ૪૯૬/૨, ૪૯૬/૧, ૪૯૬/૪, ૪૮૫, ૪૮૭, ૫૯૬ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચાલતા સર્વે નંબર-૫૯૭, ૫૯૯, ૬૦૦, ૬૦૩, ૯૯૯, ૯૯૮, ૧૦૦૫, ૧૦૦૬, ૧૦૧૮, ખરાબો, ૧૦૪૪, ૧૦૪૩, ૧૬૪૦ રેલ્વે લાઈન ઓળંગી સર્વે નંબર-૧૧૪૪, ૧૧૩૭, ૧૧૩૯/૨, ૧૧૪૦/૨, ૧૧૪૧ ના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા સર્વે નંબર ૧૧૪૦/૧, ૧૧૨૯, ૧૧૨૮, ૧૧૨૭, ૧૧૨૨, ૧૧૨૪ ત્યાંથી રેલ્વે લાઈન ઓળંગી ખારવાની પોળના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ખારવાની પોળ વાળો વિસ્તાર પ્રાઈમરિ સ્કૂલ નંબર-૫ આવરી ઉત્તર તરફ ચાલતા ભરવાડવાસ સર્વે નંબર -૫૭૭ રસાલા સ્કુલ, ખોડા પાનાની શેરી, સંસ્કાર કેન્દ્ર સ્કૂલ વાળો વિસ્તાર, અનુસૂચિત જાતિ વાળો વિસ્તાર આવરી, સર્વે નંબર-૫ આવરી, સર્વે નંબર-૧ નાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ- રાચઆ-ચટણ-સમક-મનપા- સુરેન્દ્રનગર-યુનિટ-૨-૨૦૨૫.

તા૧૭/૦૯/૨૦૨૫નું બિડાણ.

સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની સને ૨૦૧૧ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૨૬૬૭૩૩		
કુલ વોર્ડની સંખ્યા	૧૩		
વોર્ડ દીઠ સરેરાશ વસતિ	૨૦૫૧૮	સરેરાશ વસતિના ૧૦ ટકા વધ મુજબ :	૨૨૫૭૦
		સરેરાશ વસતિના ૧૦ ટકા ઘટ મુજબ :	૧૮૪૬૬
બેઠકોની સંખ્યા	૫૨		
કુલ સ્ત્રી બેઠકો	૨૬		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રીઓ માટે અનામત	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦	તે પૈકી ૦ બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓ માટે અનામત	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૧૪	તે પૈકી ૭ બેઠકો પછાતવર્ગ સ્ત્રીઓ માટે અનામત	
કુલ અનામત બેઠકો	૩૬		
સામાન્ય બેઠકો	૧૬		

અ.નં.	**વોર્ડ નંબર**	**વોર્ડની વસતિ**	**પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત**	**ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિનઅનામત**	**ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત**
૧	૧	૨૧૧૯૬	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૨૬૫૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૧૩૮૨	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૦૮૯૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૧૮૫૩૦	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૨૦૮૭૯	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૧૯૬૫૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૨૧૯૧૨	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૯	૯	૨૧૭૦૪	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૦	૧૦	૨૧૯૧૩	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૧૯૧૬૦	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૧૨	૧૨	૧૯૪૭૧	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૩	૧૩	૧૭૩૮૫	અનુસૂચિત જાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
	કુલ	**૨૬૬૭૩૩**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:39:44 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar